અપીલ અરજી નં.૬૯૩ તા.૧૭–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી અરૂણ એસ. પાઠક
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૧૩–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ભાઠેના તારા વિદ્યામંદિર સામે આવેલ શીવશકિત નગર, પ્લોટ નં. ૯૨–૯૩–૯૪ ઉપર ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની માહિતી આપશો તથા હાલ ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે અને તે કયા હેતુસર કરવામાં આવી રહ્યો છે તેની વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં. (૧) થી (૮) ની માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૧૭–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૩ /૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૧૩–૨–૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) ભાઠેના તારા વિદ્યામંદિર સામે આવેલ શીવશકિત નગર, પ્લોટ નં. ૯૨–૯૩–૯૪ ઉપર ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની માહિતી આપશો તથા હાલ ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે અને તે કયા હેતુસર કરવામાં આવી રહ્યો છે તેની વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૭૨ તા. ૨૩–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં./૫૮૧ તા. ૪–૬–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે જયારે અરજદાર તરફથી તા. ૨૬–૪–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૩–૨–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. (૧) થી (૮) ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર ન મળતાં તા. ૧૭–૩–૧૨ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. ત્યાર બાદ અત્રેથી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે પૈકી અરજદારે પૂરક વિગતોમાં અપીલ તબક્કે પણ માહિતી નહીં મળ્યાનું તથા જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ કાયદેસરના પગલાં ભરવા રજુઆત કરેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) ભાઠેના તારા વિદ્યામંદિર સામે આવેલ શીવશકિત નગર, પ્લોટ નં. ૯૨–૯૩–૯૪ ઉપર ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની માહિતી આપશો તથા હાલ ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે અને તે કયા હેતુસર કરવામાં આવી રહ્યો છે તેની વિગતવાર માહિતી આપશો. (૨) ભાઠેના ન્યુ મોર્ડલ સ્કુલ સામે આવેલ એમ.બી.નગર, પ્લોટ નં. ૬૫ માં ત્રણ માળ સાથેના બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની માહિતી આપશો તથા હાલ ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે અને તે કયા હેતુસર કરવામાં આવી રહ્યો છે. તેની વિગતવાર માહિતી આપશો. (૩) લીંબાયતના નિલગીરી આસપાસ રોડ ઉપર આવેલ શ્રીનાથજી સોસાયટી વિ–૧, શાંતિ નગરના ગેટ પાસે છ દુકાનો સાથેનું બાંધકામ કરવામાં આવેલું છે તે બાંધકામને સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની માહિતી આપશો તથા ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશો. (૪) પરવટગામ પાસે આવેલ ચીન્મય રો–હાઉસ પ્લોટ નં. ૨૧૬–૨૧૭–૨૧૮ અને ૧૧૧ના રો–હાઉસ

અને એપાર્ટમેન્ટનું બાંધકામ ચાલતુ હોય અને સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની વિગતવાર માહિતી આપશો તથા ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશો. (૫)ભાઠેના ખાતે આવેલ ઉષા નગર, પ્લોટ નં. ૪૩–૪૪–૪૫ માં ચાલતા બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની વિગતવાર માહિતી આપશો તથા ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશો. (૬) લીંબાયતના ગોડાદરા ડિંડોલી રેલ્વે ફાટક પાસે આવેલ સરદાર નગરમાં પ્લોટ નં. ૬૨–૬૩ માં પહેલાં માળનું ઈન્ડસ્ટ્રીયલનું બાંધકામ ચાલતુ હોય તે ઉપરોકત બાંધકામને સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની વિગતવાર માહિતી આપશો તથા ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશો. (૭) બમરોલી રોડ પાસે આવેલ સર્વોદય નગરમાં શિવમ અને સુદરમ એપાર્ટમેન્ટની બાજુમાં બે એપાર્ટમેન્ટનું બાંધકામ ઊભું કરવામાં આવેલ છે તથા પ્લોટ નં. ૭૧–૭૨ માં પણ એપાર્ટમેન્ટનું બાંધકામ શરૂ હોય જે બાંધકામોને સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવી હોય તેની માહિતી આપશો તથા ઉપરોકત બાંધકામો કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશો. (૮) બમરોલી રોડ પાસે આવે સત્યમ રો–હાઉસ પ્લોટ નં. ૧–૨ માં ચાલતા રો–હાઉસના બાંધકામને સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવી હોય તેની માહિતી આપશો તથા ઉપરોકત બાંધકામો કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશો. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પુરી પડાયેલ જણાતી નથી તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૩–૧૨ ધ્યાને લેતાં ૧૫–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૦–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી ન હોઈ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

અરજદારે અપીલ અરજીમાં નિયત સમયગાળામાં માહિતી ન આપતા અધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવાની કરેલી રજુઆત અંગે આરટીઆઈ એકટની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર નં. ૧૮ ગાંધીનગર –૧૮ ને હોઈ, તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ એસ. પાઠક,